# વોલ્વા પાસેથી લીલ વગરનો ૧ લાખ ૬૬ હજારનો ઘઉંનો જથ્થો ઝડપાયો

## વોલ્વા પાસેથી પૂરવઠા વિભાગે ઘઉંનો જથ્થો બાતમીના અધારે ઝડપ્યો : ૬૬ હજારના ઘઉં તથા ૧ લાખનો ટેમ્પો મળી ૧ લાખ ૬૬ હજારનો મુદ્દામાલ સીઝ : પહેલાં બીલ વગરનો માલ પકડાય છે બાદમાં બીલ કયાંથી આવી જાય છે ?

મોડાસા, તા.૨૯

અરવલ્લી જીલ્લા પુરવઠા ખાતા દ્વારા ઘણા સમય બાદ મોટી રેડ પાડી હોય તેમ બાતમીના આધારે વોલ્વા પાસેથી બીલ વગરનો ઘઉંનો બીલનો જથ્થો મળી ૧ લાખ ૬૬હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અને સરકારી ગોડાઉનમાં મુકવામાં આવ્યો છે. ત્યારબાદ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની વાતો સપ્લાય ઈન્સ્પેકટરો કરી





જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ મુદ્દામાલ હાલ તો સરકારી ગોડાઉનમાં મુકીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પણ બાદમાં રહસ્યમય રીતે બીલો રજુ થાય થઈ માલ છુટી જતો હોય છે તે જીલ્લા કલેકટર માટે તપાસનો વિષય છે.

અરવલ્લી જીલ્લા પુરવઠા ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓ ખૂબ જ નરમ હોય તેવી જીલ્લામાં છાપ ઉપસી રહી છે. ઘણા સમય બાદ જાણે કે મોર માર્યો હોય તેમ બાતમીના આધારે વોલ્વા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારે મેઘરજથી આવતા ટેમ્પાની તલાશી લેતાં ૪૪૦૫ કિલો ઘઉંનો વગર

### બીલ વગરના માલના ૪ દિવસ પછી બીલ કયાંથી બને છે ?

અરવલ્લી જીલ્લાની મોડાસા મામલતદાર કચેરીમાં અગાઉના વર્ષમાં ફરજ બજાવતા એક પુરવઠા મામલતદાર બીલ વગરનો માલ છે. એફ.સી.આઈનો માલ છે. તેમ કહીને ટેમ્પો, ટ્રક પકડી લાવતા હતા. ત્યારબાદ ૪ દિવસમાં આજ માલ ખેડૂતનો બની જતો હતો અને બાઈજ્જત ટેમ્પોને છોડી દેવામાં આવતો હતો. આવી જ મોડાસ ઓપરેટેન્ડી અરવલ્લી જીલ્લાની પુરવઠા શાખાના સપ્લાય ઈન્સ્પેકટરોમાંના ફેલાય તે માટે સ્થળ પર જ ટેમ્પાની વ્યવસ્થિત તપાસ કરી માલ ખેડૂતનો છે કે વેપારીનો? તે તપાસ કરી ત્યારબાદ જ સીઝની કાર્યવાહી હાથ ધરવાના આદેશ જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ કરે તેવી જનતાની માંગ છે નહિતર ભ્રષ્ટાચાર વધશે તેમાં બે મત નથી..!

રહ્યા છે. પણ વાસ્તવમાં ચિત્ર જુદુ જ છે. આજે ટેમ્પો બે-ચાર દિવસ બાદ ખેડૂતનો નિકળશે અને ત્યારબાદ બીલો પણ આવી જશે? શું આ ટેમ્પો એફ.સી.આઈ ઘઉં વેચતા વેપારીનો છે? શું ખેડૂતોનો છે ? તો બાબતની સપ્લાય ઈન્સ્પેકટરોએ સ્થળ પર જ કેમ તપાસ કરતા નથી? આમ સમગ્ર પુરવઠા તંત્રના સપ્લાય ઈન્સ્પેટકરોની કામગીરી અમુક વખત શંકાનો દાયરામાં આવે છે.

તો જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ વાસ્તવિક સાચી પરિસ્થિતીની તપાસ કરે તેવી જનતા તથા ખેડૂતોની માંગ છે.

# ડીસામાં વી.એચ.પી.નું અલ્ટીમેટ : ડાન્સ પાર્ટી બંધ કરો નહિતર પરિણામ માટે રહો તૈયાર

ડીસા, તા. ૨૯

આગામી ૩૧ ડિસેમ્બરે જતા વર્ષ ને ગુડ બાય કહેવા અને આવતા નવીન વર્ષને વધાવવા જયારે વિશ્વના અન્ય દેશો સાથે ભારતભરમાં અવનવી ડિસ્કો પાર્ટીઓનું આયોજન થઈ રહ્યું છે, ત્યારે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ રોકવા અને હિંદુ સંસ્કૃતિના જતનની હિમાયત કરી વિશ્વ હિન્દુ પરિષદે આવી ડાંસ અને નાઈટ જલસા પાર્ટીઓનો વિરોધ કરેલ છે જેમાં આજે સમગ્ર જીલ્લામાં કોઈ પણ સ્થળે આવી ડાંસ પાર્ટી થશે તો તન્ત્ર અટકાવે નહિતર અમો તોડફોડ કરી વિરોધ કરીશ તેવું આજે ડીસામાં વિશ્વ હિંદુ પરિષદે જાહેર કરતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના ડીસામાં આજે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે આગામી ૩૧ ડિસેમ્બરે ઉજવાતી પાર્ટી અને ડાન્સ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જલસાનો ખુલ્લેઆમ વિરોધ નોધાવ્યો છે, આજે ડીસા નાયબ કલેકટર અને સ્થાનિક પોલીસને વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે એક લેખિત આવેદનપત્ર આપી આ મામલે પોતાના કડક વલણની જાહેરાત કરી છે અને સ્પષ્ટ જણાવ્યું છે કે ડીસા સહીત જીલ્લામાં કયાય પણ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરતી ડાન્સ પાર્ટીનું આયોજન થશે તો તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળનાં કાર્યકરો અટકાવશે, અને તોડફોડ કરી આ બાબતનો વિરોધ કરશે આવેદનપત્રમાં વિશ્વ હિંદુ પરિષદના મહામંત્રી મહેન્દ્રભાઈ માળીએ ડીસા રાજમંદિર સિનેમા ખાતે આવેલી ડીસાની વાડીમાં ૩૧ ડિસેમ્બરે ઉજવાતી પાર્ટી જો વહીવટી તંત્ર નહિ અટકાવે તો અમારા કાર્યકરો આ પાર્ટી અટકાવી તોડફોડ કરશે જેની અંગત જવાબદારી વહીવટી તંત્રની રહશે, તેવી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારતા આ પાર્ટીના આયોજકોમાં દોડધામ મચી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાર્ટીની -તિ વ્યકિત રૂપિયા ૨૫૦ની ટીકીટો એડવાન્સમાં વેચાણ થઈ ગઈ છે તેવા જ સમયે આજે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે આ પાર્ટી સામે મોરચો માંડતા સંચાલકોની હાલત કફોડી બનેલ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસામાં ૧૦ કરોડના ખર્ચે નવુ સરકીટ હાઉસ બનશે

એકર-અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માલપુર રોડ ઉપર આવેલા જુના સરકીટ હાઉસને તોડી ૧૦ કરોડના ખર્ચે નવુ અઘતન સુવિધાવાળુ સરકીટ હાઉસ બનાવવામાં આવશે જેના લીધે અરવલ્લી જિલ્લાની સુવિધામાં એક ઔર વધારો થશે. અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ સરકારી બાબુઓ તથા મંત્રીઓ સહિતના વિવિધ સરકારી અધિકારીઓ ને હાલના જુના સરકીટ હાઉસમાં રોકાવુ પડતુ હતુ જયાં સુવિધાઓનો અભાવ હતો જેથી થોડા દિવસ પહેલા ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન સરકીટ હાઉસની મુલાકાત લેતા તેઓએ અધિકારીઓને આ સરકીટ નવુ બનાવા માટે સુચના આપી હતી જેને લઈને માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલનું જુનુ સરકીટ હાઉસ તોડી તેના સ્થાને નવુ ૧૦ કરોડના ખર્ચે સરકીટ હાઉસ બનાવાની દરખાસ્ત ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ સમક્ષ કરવામાં આવી છે જે અંગેની મંજુરી મળી જતા ટુંક સમયમાં આ અંગેનું કામકાજ શરૂ કરવામાં આવશે.

## સરકાર ખેડૂતોને અન્યાય ખૂબ કરે છે : મોઢવાડિયા

પ્રદેશ કારોબારીમાં માર્ગદર્શન આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં જીલ્લા કક્ષાના ૪૪ સ્નેહમિલન સંમેલનો અને રાજય કક્ષાની શીબીરનો કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

ખેડુતોને તેમની ખેત પેદાશોના યોગ્ય ભાવ મળે તે માટે સમગ્ર રાજયમાં આદોલનો ચાલતા હોવા છતાં રાજય સરકાર ઉત્સવો અને તાયફાઓમાં વ્યસ્ત છે. રાજયમાં આંદોલન કરી રહ્યાં છે. જેના લીધે ભાજપ સરકાર કૃષિ ઉત્સવોના તાયફાઓ અનેક જગ્યાએ નિષ્ફળ ગયા છે. આવતી કાલે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના લાખણકા ગામે સવારે ૧૦ કલાકે ખેડુત સંમેલન યોજવામાં આવ્યું છે.



## ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનનો વિધિવત પ્રારંભ

ખેડબ્રહ્મા તાલુકામાં સ્ટેટ હાઈવે પર બનાવવામાં આવેલ તાલુકા સેવા સદન કચેરીનો સોમવારે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા ખાતે સરકાર દ્વારા પ્રજાના કામો સરળ રીતે એક જ જગ્યાએ થાય તે માટે ત્રણ માળનું સેવા સદન બનાવવામાં આવેલ જેમાં તાલુકાની વિવિધ ૧૮ કચેરીનો સમાવેશ કરવામાં આવશે. જેનું ગત સ્પટેમ્બર માસમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા લોકાપર્ણ કરવામાં આવેલ જેમાં સોમવારે પ્રાંત ઓફીસ ખેડબ્રહ્મા મામલતદાર કચેરી, જનસેવા ઈ-ધરા, સીટી સર્વે કચેરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા તાલુકાની પ્રજાને જુદી જુદી જગ્યાએ જવુ પડતુ હતુ તે તમામ કામ એક જ જગ્યાએ થતા પ્રજાના સમય અને નાણાની પણ બચત થશે. (તસ્વીર :- રમેશ વૈષ્ણવ)

## ઉંઝાની સર્વોદયનગર સોસાયટીમાંથી બે બાઈકની ઉઠાંતરી

ઉંઝા તા.૨૯

ઉંઝા ખાતે વિસનગર રોડ પરની સર્વોદયનગર સોસાયટીમાંથી રાતના સમયે કોઈ શખ્સો બે મોટર સાયકલોની ચોરી કરીને કયાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બનેલ છે. વિગત એવી છે કે ઉંજા શહેરમાં વિસનગર રોડ પર સર્વોદય નગર સોસાયટીમાં રહેતા કમલેશભાઈ ગણેશભાઈ પટેલે પોતાના મકાન આગળ બજાજ કંપનીનું પલ્સર બાઈક પાર્ક કર્યું હતું. તેમના મકાનની પાસે પડોશીએ પણ પોતાનું બજાજ પલ્સર બાઈક પાર્ક કર્યુ હતું. આ બંને બાઈકોની રાતના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હતા.

આ અંગે ઉઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉંઝા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી વાહન ચોર ટોળકી સક્રિય બનતાં દ્વિચક્રી વાહનોની ચોરીઓના કિસ્સાઓ દિનપ્રતિદિન વધતા જાય છે. જેથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

## પ્રવાસી ભારતીય દિવસને લઈ રિવરફ્રન્ટમાં તડામાર તૈયારી

અમદાવાદ, તા. ૨૯

વિશ્વ પ્રવાસી ભારતીય દિવસની ઉજવળી પ્રથમવાર ગાંધીનગર અને અમદાવાદ થઈ રહી છે. વિશ્વ પ્રવાસી ભારતીય દિવસને લઈને અમદાવાદ મ્યુનિ. એ જોરશોરથી તૈયારીઓ કરી છે. જેમાં શહેરને સ્વચ્છ અને સુંદર દેખાડવા માટે લાખો રૂપિયા પાણીની જેમ ખર્ચવામાં આવી રહયા છે.

વિશ્વ પ્રવાસી ભારતીય દિવસની એક દિવસ ઉજવણી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે થવાની છે જેથી સાબરમતી રિવરફ્રન્ટ રોડની વચ્ચેના કોરિડોરમાં ૪૨ લાખના ખર્ચે ૪૫ હજાર બોગનવેલ પ્લાન્ટ કરવામાં આવી છે. આશ્રમરોડ સહિત અન્ય રોડ ઉપર અગામી ૧ જાન્યુ થી જુદી જુદી જાતની બોગનવેલના કુંડા મુકીને કરશે.




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો સન્માન સમારોહ યોજાયો

મહેસાણાના વિજાપુર ગામે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં તેજસ્વી તારલાઓને ઈનામ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિજાપુર સ્થિત રોટરી કલબમાં ચાલુ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તેમજ વિવિધ ક્ષેત્રે પ્રથમ ક્રમે ઉર્તીણ થનારને પ્રોત્સાહિત કરી ભવિષ્ય ઉત્તરોત્તર પ્રગતિ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે સમાજના આ કાર્યક્રમમાં વિધાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. સમારોહમાં ડૉ.નરેન્દ્ર કુમાર મીના, પૂ.સદગુરૂ નિજાનંદજી, બી.જે.ભટ્ટ, એચ.એલ.રાવલ સમાજના પ્રમુખ કનુભાઈ રાવલ, સુરેશભાઈ સહિત કારોબારી સભ્યો તેમજ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.








(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા તાલુકાના વાઘરોળ ગણેશપુરા ગામની પ્રાથમીક શાળામાં તાલુકાની વિવિધ સ્કુલોની ઉપસ્થીતીએ તાલુકા સ્થીત રાજકીય આગેવાનો તેમજ અધિકારીઓની ઉપસ્થીતીમાં રમતોત્સવને તાલુકા પંચાયત પ્રમુખ વરદ હસ્તે ખુલ્લો મુકાયો હતો. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરીત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર આયોજીત તાલુકા કક્ષાનો બાળ રમતોત્સવ ૨૦૧૪-૧૫ આજના શુભ દીને સી.આર.સી. વઘરોળ મુકામે તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં રાજકીય અગ્રણીઓમાં જીલ્લા ઉપપ્રમુખ મેરુજી ધુંખ, તાલુકા કારોબારી ચેરમને પી.સી. જોષી, સામાજીક અને ન્યાય સમીતીના ચેરમેન હેમરાજભાઈ ગોહીલ, નાદાત્રો બ્રાહ્મણવાસ ગૃપ ગ્રામ પંચાયત સરપંચ, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રધાનાચાર્ય ડૉ. એમ. જે. નોગસ, તાલુકા વિકાસ અધિકારી રમીલાબેન પરમાર, તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી જીતુભાઈ મોદી, દાંતીવાડા શરાફી મંડળ ચેરમેન જીજ્ઞેશભાઈ ત્રીવેદી, શિક્ષણ વાઈસ ચેરમેન રાકેશભાઈ પટેલ, તેમજ વિનોદભાઈ ચૌધરી તમામ કાર્યક્રમમાં ભોજન દાતા તેમજ ગણવેશના દાતા ગુલાબચંદ હેમચંદભાઈ પંચાલ, તથા તાલુકાના તમામ પેટા કેન્દ્ર આચાર્ય, સી.આરી.સી. અધિકારીઓ આ સમગ્ર કાર્યક્રમમાં ગણેપુરાના વતની એવા અને તાજેતરમાં નિમણુંક પામેલા બી.આર.સી. એવા ભાવેશભાઈ પંચાલ કે જેઓએ તેમના બી.આર.સી.કાળ દરમીયાન સૌ પ્રથમ આ પર્વની પોતે ભણ્યા હોય અને પોતાની વતનની શાળા કુ જેમાં આ સરસ રમતોત્સવનું આયોજન કર્યું હતું. આ રમતોત્સવમાં તાલુકાની ૯૮ શાળા પૈકીના ૫૮૫ બાળકોએ ભાગ લીધો હતો.જેમાંથી વિજય હાંસલ કરી ૧૪ શાળાના બાળકો જીલ્લામાં રમતો રમવાની તૈયારી દર્શાવી હતી. આમ ૬૦ શિક્ષકોએ પ્રતિનિધિત્વ સાથે કબડ્ડી, ખો-ખો, લાંબીકુદ, ગોળા ફેંક, ૧૦૦ મીટર દોડ અને યોગશન જેવી રમતોનું આયોજન કર્યુ હતું.

## મહેસાણામાં ખાણ ખનીજ વિભાગના અધિકારીની રહેમ નજર હેઠળ ભૂ-માફિયાઓ બિન્દાસ

### દિવસ દરમિયાન ભૂ-માફિયાઓ નદીના પટમાંથી વગર પાસ પરમીટે રેતીની ચોરી કરી રહ્યા છે

મહેસાણા, તા.૨૯

મહેસાણા જિલ્લામાં ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગની કચેરીના અધિકારીઓની કથિત નિષ્ક્રિયતા યા હપ્તા રાજને કારણે નદીઓમાંથી બો રોકટોક પાસ પરમીટ વગર રેતીના વહનનો ધંધો ધમધોકાર રીતે ચાલી રહ્યો છે.

મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નદીઓમાંથી છેલ્લા ઘણા સમયથી ડમ્પરો, ટ્રેકટરો જેવા વાહનો થકી રોજિંદા ગેરકાયદે રેતી ભરાય છે. જે રેતી મુખ્યત્વે જયાં સોસાયટીઓ બનતી હોય તેમજ મકાનો બનતાં હોય ત્યાં ઠલવાતી હોવાનું કહેવાય છે.ગેરકાયદે રેતીના વહનને લીધે સરકારને રોયલ્ટીની આવક ગુમાવવી પડે છે. જેમાં સરવાળે સરકારને આર્થિક નુકશાન થાય છે જયારે અધિકારીઓના ખિસ્સા ગરમ થતા હોવાનું ચર્ચાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦